Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[illegible]

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૭૨ મું
અંક ૬ ઠ્ઠો
૧૦ મી એપ્રીલ

વીર સં. ૨૪૮૨
વિ. સં. ૨૦૧૨
ઈ. સ. ૧૯૫૬

श्री जैनधर्म प्रसारक सभा

जहा सागडिओ जाणं,
सम्मं हिच्चा महापहं ।
विसमं मग्गमोइण्णो,
अक्खे भग्गम्मि सोयइ ॥१४॥

જેમ રથ હાંકનાર જાણવા છતાં રાજમાર્ગ જેવા ધોરી રસ્તાનો ત્યાગ કરીને વિષમ માર્ગમાં પોતાનો રથ લઈ જાય અને તેને પરિણામે રથની ધરી ભાંગી જાય ત્યારે શોકાકુલ બને છે.

एवं धम्मं विउक्कम्म,
अहम्मं पडिवज्जिआ ।
बाले मच्चुमुहं पत्ते,
अक्खे भग्गे व सोअइ ॥१५॥

તેવી જ રીતે ધર્મમાર્ગનો ત્યાગ કરીને અધર્મનો અંગીકાર કરનાર મૃત્યુના મુખ પાસે પહોંચેલ અજ્ઞાની પ્રાણી જાણે જીવનની ધોંસરી ભાંગી ગઈ હોય તેમ શોક કરે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્ય. ૫, શ્લોક ૧૪-૧૫

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૭૨ મું
અંક ૬

ચૈત્ર

વીર સં. ૨૪૮૨
વિ. સં. ૨૦૧૨

## શ્રી નવકારમંત્રનું ચૈત્યવંદન

નવકારમંત્રના ધ્યાનથી, હોય સિદ્ધિ સુખદાય;
સાંભળતાં સુખ ઉપજે, જેથી ભવ ભય જાય. ૧
નવકારમંત્ર સમરતાં, નવિ હોય દુર્ધ્યાન;
ઉત્તરોત્તર શુભ ભાવથી, પામે વિમલ ધ્યાન. ૨
આરાધના કરો ઉત્કૃષ્ટથી, અડસઠ ઉપવાસ;
અથવા પદ અક્ષર મુજબ, છૂટા કરો ઉપવાસ. ૩
એસી શક્તિ જો હોય નહિ, નવ એકાસને થાય;
કરો ભક્તિ બહુમાનથી, મનવાંછિત ફળ થાય. ૪
નવ લાખ નવકાર જે ગણે, તિર્યંચ નરકમાં ન જાય;
વિધિપૂર્વક શુભ ભાવથી, સિદ્ધિગતિમાં જાય. ૫
કરો પ્રતિક્રમણ બે ટંકના, દેવવંદન ત્રણ વાર;
બે વાર પડિલેહન કરો, જિન પૂજો ત્રણ વાર. ૬
તે તે પદનું ગણણું ગણો, દો હજારનો જાપ;
કરતાં નવ એકાસણા, કાયા નિર્મળ થાય. ૭
હરતાં ફરતાં સુવતાં, ધ્યાન ધરે જે ચિત્ત;
ધન્ય છે કૃતપુન્ય છે, જીવિત તાસ પવિત્ત. ૮
સામુદાયિક આ તપ કરી, પામો નિત્યાનંદ;
પ્રેમ જંબૂસૂરિનો શિષ્ય તો, કાપે કર્મોના કંદ. ૯

—મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી

For Private And Personal Use Only

શ્રી મહાવીર જયંતી 卐

(હરિગીત)

ત્રિશલા સતી હંસી ગતિથી ચાલતી અતિ શોભતી,
જસ વદન અંબુજ વિમલ વિકસિત હર્ષભર ગુણ વર્ષતી;
જસ ભાલ છે સુવિશાલ શશિસમ લોલ નયને શોભતી,
આપજાસત્વા[1] ઇંદિરા સાક્ષાત થઇ છે હર્ષતી. ૧

ગૂંથી કલાકૃતિ કુસુમ વેણી શોભતી જિમ નાગિણી,
કુંકુમ તિલક ભાલે સુશોભિત જે થઇ ગુણરાગિણી;
કંઠે ધરે માલા કુસુમની વિવિધ રંગ સુવાસિની,
ધારે અલંકૃતિ હેમની રત્ને જડી ગુણધામની. ૨

વાણી ઉચ્ચારે વદનથી જિમ કુસુમ ખરતા વૃક્ષથી,
જે મધુર કોમલ રસ ભર્યા શ્રવણે રમે સ્વાનંદથી;
ગર્ભપ્રભાવે ચિત્ત ઉછળે ક્ષણક્ષણે હર્ષોર્મિઓ,
સાગર જલે મોજાં ઉછળતા જાગતા તિમ દોહદો.[2] ૩

સિદ્ધાર્થ નૃપ ધનધાન્યથી અધિકારથી વધતા રહ્યા,
વૈભવ અને ચતુરંગ સેના સેવના કરતા રહ્યા;
જેના ઘરે પદ્માસના[3] ને શારદા સાથે રહ્યા,
સહુ ગર્ભના જ પ્રભાવ એ છે સુજનજન બોલી રહ્યા. ૪

ભજતી પ્રજા સિદ્ધાર્થ નૃપને માનતી પિતૃ તુલ્ય જે,
પાળે પ્રજાને આમ સમજી ધન્ય તે સહુને ભજે;
એવો અપૂર્વ પ્રભાવ ગાજે જગ વિષે એ ગર્ભનો,
જગ તારવાને આવનો ઉદ્ધાર કરવા સર્વનો. ૫

ત્રિશલા કહે બેસું જઇ સુરરચિત ઇંદ્રાસન જેમ,
ને થઇ અલંકૃત ગજતણી અંબાડીએ ફરવું ગમે;
માથે ધરાવું છત્ર ચામર બંદિજન બિરુદાવલિ,
ઉચરે સુખેથી માહરી ને કાઢે સહુ લોકે વળી. ૬

નહીં કોઈ જન ભૂખ્યો રહે નહીં કોઇ ઉઘાડા ફરે,
સુખથી રહે સહુ વિનયભાવે દેવગુરુ આશી વરે;
મુજ રાજ્યમાં નહીં ચોર વસતા અનુભવ ધરે સહુ,
જ્યાં વિપુલતા ધન ધાન્યની દારિદ્ર વસવું નહીં કહુ. ૭

વાંછા બધી કલ્યાણની જગમાં બધે શાંતિ રહે,
સૂચક ગુણોના દોહદો ત્રિશલાતણા પૂરા થયે;
જગ બોધવા ચોવીસમા જિનતીર્થપતિ આવ્યા તિહાં,
સુરલોકમાં આનંદ ઉછળ્યો જગ જયારવથી જિહાં. ૮

શ્રી બાલચંદ હીરાચંદ સાહિત્યચંદ્ર

[1] ગર્ભિણી. [2] દોહલા. [3] લક્ષ્મી.

મધુ[1] માસની ઉજ્જ્વલ ત્રયોદશી સર્વ મંગલકારિણી,
જગમાં થઈ જે પ્રગટ પ્રભુને નવલ હર્ષ વિકાસિની;
સિદ્ધાર્થ કુલઉદ્ધારિણી ને ત્રિજગ સુખસંબોધિની,
ત્રિશલાતણા રોમાંચ હર્ષિત સૌખ્યને વિસ્તારિણી. ૯
દિનકર ઝળાહળ ઊગિયો જે વર્દ્ધમાન કુમારનો,
તે દીપતો રહેશે સુશાંતર ધર્મ જગને બોધતો;
ત્રણુ લોકને અજવાળતો આનંદને વિસ્તારતો,
યોગીતણા આત્મોન્નતિનો શીઘ્ર માર્ગ બતાવતો. ૧૦
મહુ શબ્દ જનમન રમણુ જગના દ્રવ્યભાવ બતાવતો,
પુદ્ગલ અને આત્મા વિભાગી ભેદ છેદ કરાવતો;
જગ ધારણા ને પોષણા સંસાર જલનિધિ તારતો,
એ ચિરંજીવો વીરજિન બાલેન્દુ નિજ મન ધારતો. ૧૧

૧ ચૈત્રમાસ.

## प्रभु वीर से।

परम अहिंसाके ओ साधक, मौन हुवे हो क्यों तुम आज ? ।
पुनः गुंजादो उस वाणीको, जीससे हो सुखमय सब राज ॥ १ ॥
त्राहि त्राहिकी मची धुम है, नहीं शान्तिका है लवलेश ।
अनेकान्तका पाठ पढ़ादो, मिट जावे जीससे सब क्लेश ॥ २ ॥
वाड़ावन्दी तीथीचर्चाकी, वहती धारा शासनमें ।
छिन्नभिन्न और फूटफाटकी, प्रगटी ज्वाला शासनमें ॥ ३ ॥
मुरझाये सब पुष्प तत्वके, उदासीनता छाई है ।
प्रगटे कोई युगवीर विश्वमें, येही आश लगाई है ॥ ४ ॥
माना तुम हो तीर्थंकर प्रभु, आ न सकोगे इस जगमें ।
आज बतादो करुण तपस्वी, रहने दोगे कंटक मगमें ॥ ५ ॥
लाखों अनुयायि होते भी, नायक जीसका ऐक नहीं ।
सूरि सेंकड़ों होते भी, शासनकी परवाह नहीं ॥ ६ ॥
ऐसी परिस्थिति होनेसे, शासन बिना धनीका लखते हैं ।
तीर्थ हड़पकर मन्दिर छीनते, और क्या क्या आफत ढहते हैं ॥ ७ ॥
अब रग रगमें नूतन बल भर दो, होवे अहिंसाका प्रचार ।
जिये चैनसे जगके प्राणी, मचे न फिरसे हाहाकार ॥ ८ ॥
धर्मान्धता सब मिट जावेगी, रहेगा तेरा अमर संदेश ।
जुल्मी दयालु बन जावेंगे, सुनकर तेरा दिव्य आदेश ॥ ९ ॥

卐
राजमल
भण्डारी
आगर (मालवा)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

[૧૨]

**પાંચમે બ્રહ્મદેવલોકે (પંદરમો ભવ)**

આ પાંચમા બ્રહ્મદેવલોકમાં ૭ પ્રતરો હતા. આ દેવલોકની જઘન્ય સ્થિતિ ૭ સાગરોપમની બતાવવામાં આવી છે. પ્રથમથી માંડીને ૭ પ્રતરની સ્થિતિ ૭ાા, ૮, ૮ાા, ૯, ૯ાા, ૧૦ સાગરોપમની બતાવી છે. ત્યાં ઉત્પન્ન થનાર પ્રાણીનું દેહમાન ૫ હાથનું હોય છે. એ પાંચમા દેવલોકની ભૂમિકા છે, એમાં સમાનભૂમિએ બીજું કોઇ દેવલોક નથી અને એનો ઇંદ્ર ઉપરના છઠ્ઠા પ્રતર પર પોતાના મહામૂલ્યવાન વિમાનમાં રહે છે અને એને સામાજિક તથા અંગરક્ષક દેવો મોટી સંખ્યામાં હોય છે. દેહમાન આ મનુષ્યના પ્રતર દીઠ આયુષ્ય સાથે ઊલટા ક્રમમાં ફરતું જાય છે એટલે કે આયુષ્ય પ્રતરે પ્રતરે વધતું જાય તેમ દેહમાન ઓછું થતું જાય. ૮ સાગરોપમ આયુષ્યવાળા દેવોનું દેહમાન ૫ ૬/૧૧ હાથ હોય છે, નવ સાગરોપમ આયુષ્યમાનવાળાનું શરીર ૫ ૫/૧૧ હાથનું હોય છે ત્યારે દશ સાગરોપમ આયુષ્યમાનવાળા દેવોનું શરીર પ્રમાણ ૫ ૪/૧૧ હાથ હોય છે. પાંચમા બ્રહ્મદેવલોકના દેવોને વિષય સંસ્પર્શ માત્રથી હોય છે, દેહથી કામભોગ થતો નથી. બાકી નાટક વગેરે આગળ બતાવ્યા છે તે સર્વ આ દેવલોકમાં પણ ચાલુ રહે છે. આ દેવલોકમાં દેવીઓ હોતી નથી; પણ પ્રથમના બે દેવલોકની દેવીઓ ત્યાં આવી શકે છે.

આ પાંચમા બ્રહ્મદેવલોકમાં મરીચિનો જીવ ઉપર વર્ણવેલા ચોથા ભવમાં અગાઉ જઇ આવ્યો હતો. ત્યાં એ દેવલોક સંબંધી હકીકત આપવામાં આવી છે. આ પ્રાણી અનેક સ્થાને અનેક વખત જન્મે છે, પણ દેવ મરીને બીજે જ ભવે દેવ ન થાય. બાકી અનંત પર્યટણમાં એકને એક સ્થાનકે અનેક વાર ઉત્પન્ન થાય. એક સ્થાનકે બતાવ્યું છે કે એવી કોઇ જાતિ નથી, એવી કોઇ યોનિ નથી, એવું કોઇ સ્થાન નથી કે એવું કોઇ કુળ નથી જ્યાં આ પ્રાણી અનંતીવાર ઉત્પન્ન ન થયો હોય અને અનંતવાર મર્યો ન હોય.' એટલે પાંચમે દેવલોકે તો એ પ્રાણી અનેક વાર જઇ આવ્યો હશે. અત્યારે જે ગણતરી કરવામાં આવી છે તે તો નયસારના ભવમાં વિશુદ્ધ દૃષ્ટિ પ્રાપ્ત થયા પછીના મોટા મોટા ભવોની નોંધ જાળવી રાખવામાં આવી છે અને તે ભવથી માંડીને મોટા મોટા છવીશ ભવોની વાત અત્ર કહી છે અને તેની પૂર્ણતા સત્તાવીશમા ભવમાં આવશે, પણ એ સત્તાવીશ ભવમાં જે જે સ્થાનકે એ જાય છે ત્યાં ત્યાં એ અનેક વાર જઇ આવ્યો હોવાની સામાન્યતઃ સંભાવના છે.

એ સત્તાવીસ ભવ દરમ્યાન પણ એ નાના નાના તો અનેક ભવ કરી આવેલ છે. આ આખા સંસારચક્રનો સામાન્ય ખ્યાલ કરવામાં આવે ત્યારે આ આખી રેંટમાળ એવી રીતે ગોઠવાયલી દેખાય છે કે એમાં પ્રાણી ઉપર નીચે આવે જાય છે. એક ઘટિકા ખાલી થવા આવે ત્યાં બીજી ભરાય છે અને એ રીતે જૂનાં ઘડાઓ ઠાલવતો જાય છે અને નવા ભરતો જાય છે અને પ્રત્યેક સ્થળે એ નવાં નવાં નામો, ઉપનામો ધારણ કરી રખડે છે, આંટા મારે છે અને ફેરફૂદડી ફરે છે. એમાં એ અધમમાં અધમ સ્થાને જાય છે, કોઇ વાર મોટી પદવી પણ પામે છે, કોઇ વાર નોકર થાય છે અને કોઇ વાર શેઠ થાય છે, મનુષ્ય મટીને બકરો, ગાય, ભેંસ થાય છે અને કોઇવાર એકેન્દ્રિય સુધી પહોંચી જાય છે. વળી રસ્તો પ્રાપ્ત થઇ જાય તો આગળ વધી જાય છે, પણ આ પ્રમાણે ચારે ગતિમાં રખડાતો–કૂટાતો એ ઉપર નીચે થઇ જાય છે અને અનેક નામો, ઉપનામો, પેટા નામો અને કુળાભણાનાં નામો ધારણ કરી એ રખડયા કરે છે. એ કોઇ વાર મોટાં નામના કરે તો એની પ્રખ્યાતિ સુધરે છે, પણ એ નામના અર્થ વગરની છે, પૌદ્ગલિક છે, માત્ર પરભાવરમણતા છે. એમાં એનું કાંઇ વળે નહિ. જ્યાં સુધી ચેતનને ઓળખવામાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન આવે, એનો પુદ્‌ગલ સાથેનો સંબંધ સમજવામાં ન આવે, એને યથાસ્વરૂપે ઓળખીને એનો સંબંધ દૂર કરવાની અંદરથી સાચી તાલાવેલી ન જાગે ત્યાં સુધી સર્વ ફાંફાં છે, ઉધામા છે, ખાલી ડોળ છે, નિરર્થક રખડપાટા છે.

એટલે મરીચિનો જીવ પાંચમા દેવલોકે બીજી વખત આવ્યો તેમાં કાંઈ નવાઈ પામવાનું નથી. અગાઉ બાળતપને કારણે કે નિર્જરા કરીને ત્યાં અનેક વાર આવી ગયેલ હશે એટલે ચક્રભ્રમણમાં જ્યાં તેણે કોઈ ગતિ કે કામ બાકી જ રાખ્યા નથી, ત્યાં પછી એ પાંચમા દેવલોકમાં બીજી વાર ઉત્પન્ન થાય એ વાત આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવી નથી. બહુ લાંબી નજરે આ આખી રખડપાટીને સમજીને ઓળખી લેવા જેવી છે અને તેના તરફ જો ખરેખરો અણગમો થયો હોય તો તેને અટકાવવાના રસ્તા હાથ કરવા જેવો અત્યારે અવસર છે.

શ્રી મરીચિના જીવને પોતાની બુદ્ધિરૂપ કળાથી કલ્પેલ ત્રિદંડીના દર્શનથી અનુરાગ પ્રગટ થતાં ત્યાર પછી ૭ ભવ સુધી એને પરિવ્રાજકપણું પ્રાપ્ત થયું. જુઓ ઉપરના ભવો: કૌશિક (૫) પુષ્પમિત્ર (૬) અગ્ન્યુદ્યોત (૮) અગ્નિભૂતિ (૧૦) ભારદ્વાજ (૧૨) અને સ્થાવર (૧૪) આ હકીકત પરથી સંસ્કારો કેટલા કાળ સુધી પહોંચે છે અને પ્રાણીને કેટલો હેરાન કરે છે અને કેવા કેવા આકારે રખડાવે છે તેનો ખ્યાલ આવે છે અને ભવભ્રમણમાં કરેલી એક સ્ખલના કેટલા દીર્ઘકાળ સુધી પોતાની અસર ખેંચે છે તેનો પણ હિસાબ દેખાડે છે. આટલા માટે સંસ્કાર ઉપર ધ્યાન આપવાની જરૂર છે અને તેને સુધારવા માટે લક્ષ્ય આપવાના ઉદ્દેશથી જ આ ચરિત્ર નિર્દેશ થાય છે. આ સંસ્કારની નજરે વાત થઈ. નીચ ગોત્રનો ઉદય આ દરેક ભવમાં થયો. યાચકના કુળમાં અવતાર થયા છતાં હજુ એ કર્મ પોતાનો ભાવ ભજવ્યા કરવાનું છે તે આગળ જોવામાં આવશે. આવા એક એક વખતે કરેલા અભિમાનની ફળપરંપરા કેવી જામે છે, કેટલી લાંબી ચાલે છે અને કેવાં કેવાં પરિણામો નીપજાવે છે તે પર ખૂબ વિચાર કરવા જેવો છે.

આ રીતે એકંદરે બીજી ઇન્દ્રિયના વિષયો પર ઠીક ઠીક કાબૂ હોવા છતાં સંસ્કારના બળે અને બગાડી નાખેલા પ્રગતિપંથને પરિણામે મરીચિને કેટલી યાતના થઈ તે ખાસ ધ્યાન આપવા લાયક હકીકત છે. પાંચમા દેવલોકમાં આ વખતે એનું મધ્યમ આયુષ્ય થયેલ હોઈ નવ સાગરોપમ કાળ ગણાય. ત્યાં એણે અગાઉની માફક લહેર તો કરી, પણ અંતે એ લહેરનો છેડો આવ્યો, અને એ અગાઉના રાજગૃહ નગરમાં આવ્યો. આવી રીતે એની રખડપટ્ટી ચાલુ રહી.

એના ભવ ગણતરીમાં આવ્યા, એ નયસારના ભવમાં વિશુદ્ધ દૃષ્ટિ પામ્યા ત્યારપછી એ આ સાતમી વખત દેવગતિમાં આવ્યા ( જુઓ નં ૨: ૪. ૭. ૧૧. ૧૩. અને ૧૫ ) સ્થૂળ સુખમાં આનંદ માનનારને દેવગતિમાં મોજ અને વિલાસ લાગે, બાકી જે અનંત આત્મિક આનંદ પરભાવનો સંબંધ છૂટતાં અને સર્વ કર્મથી મુક્તિ થતાં થાય છે અને જે આનંદનો છેડો નથી, જેના ભોગની પાછળ નવીન કર્મબંધ કે એના પરિણામો નથી અને જે આનંદ અવ્યાબાધ છે તેની તો આ દેવગતિના આનંદ સાથે સરખામણી પણ કરી શકાય તેમ નથી.

નયસારના પ્રગતિ પંથમાં હજુ ત્યાગભાવની માત્રા રહેલી છે એટલે એ સંસારમાં આવે છે, મનુષ્ય બને છે ત્યારે પણ એને ત્યાગની ઇચ્છા રહ્યા કરે છે. પણ સાચો ત્યાગ કેવો હોય તેની તેને હજુ ગમ પડી નથી એટલે એ ઉપર ઉપરના ત્યાગમાં મોહી જાય છે અને દેવગતિનાં સુખો એ ત્યાગને પરિણામે ભોગવી આવે છે, પણ પાછા રખડપાટીને રસ્તે ચડી જાય છે. આ આખા આવાગમન, વિસર્જન અને દોડધામ પાછળ બહુ વિચાર કરવા જેવી હકીકત પ્રાપ્ત થાય છે. વાત એ છે કે–ત્યાગને ત્યાગ તરીકે સમજી, એની પાછળના ધ્યેયને લક્ષ્યમાં રાખી, ત્યાગને સ્વપર વિવેચનના પરિણામે સ્વીકારવામાં આવે તો પૂર્ણઈષ્ટ પરિણામ આવે છે. બાકી દેહકષ્ટ કે ઉપર ઉપરનો ત્યાગ વંધ્ય નથી જ તો પણ આત્મિક અનંત સુખની અપેક્ષાએ એનો જરા પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપયોગ નથી, રખડપાટી અને આંટાફેરા ચાલુ રહે ત્યાં સુધી એનો સાચો અર્થ નથી. આ સર્વ વિચારણા પાંચમા બ્રહ્મલોકમાં બેઠા બેઠા નયસારના જીવે કરી એટલે હવે એના પ્રગતિમાર્ગમાં મોટો ફેરફાર થયો. એના પરિણામો કેવાં આવ્યાં તેની રસપ્રદ કથા હવે આપણે વિચારીએ અને સાથે તેની અંદરના રહસ્યને અને કર્મપરિણામ રાજાની કાર્યવાહીનો પ્રવાહ અને પ્રદેશ પણ ધ્યાનમાં લઈએ.

**રાજગૃહીએ વિશ્વભૂતિ ( ૧૬ ).**


ચૌદમા ભવમાં જે રાજગૃહ નગરમાં સ્થાવર બ્રાહ્મણના નામ નીચે સંસારવ્યવહાર ચલાવ્યો હતો અને છેવટે ત્રિદંડીનો વેશ લઈ મઠ જમાવ્યો હતો તે જ રાજગૃહ નગરમાં નયસારનો જીવ પાંચમા દેવલોકથી આવે છે અને ત્યાં નવીન પ્રકારનાં પરાક્રમો કેળવી નામના મેળવે છે એ વાત પર હવે જઈએ. આ સોળમા ભવની હકીકત વાંચતાં એક બે વાત તો જરૂર ધ્યાનમાં રાખવા જેવી છે. નીચ ગોત્ર કર્મની અસર તો હજુ ચાલુ હતી, એટલે એ ગમે તે સંયોગોમાં જાય ત્યાં એને હીનતા મળતી અને પોતે મુખ્ય સ્થાને નહોતા આવતા તે આપણે અત્યારસુધી જોતા આવ્યા છીએ. એ દશા આ સોળમા ભવમાં પણ ચાલુ રહેવાની છે એ લક્ષ્યમાં રહે અને નયસારના ભવથી આગળ ચાલતાં એમણે પોતાનું વ્યક્તિત્ત્વ સ્થાપવાની વાતને મુખ્યતા આપી છે તે વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે. મરીચિ તરીકે એના પગના ઉપાનહ કે માથા ઉપર છત્ર કે હાથમાં કમંડળની પાછળ એમનું સ્વમાન હતું, એમની બીજાથી તરી આવવાની વૃત્તિ હતી, એમને આગળ આવવાની હોંસ હતી. આ વ્યક્તિત્વ સ્થાપન પાછળ મનોવિકાર હતો, ઊંડી ઊંડી કષાયવૃત્તિ હતી. આ વાત પણ હજુ કેટલી બની રહે છે અને એમના ચરિત્રને સમજવામાં કેટલો ઉપયોગી હિસ્સો પૂરો પાડે છે એ વિચારવા જેવું છે. અને આ મનોવિકારોમાં આગળ જતાં કેવા ફેરફારો થાય છે અને તેની પાછળ કેવી ભવ્યતા ભરેલી છે તેનો ખ્યાલ કરતાં આખા ચક્રભ્રમણમાં પ્રાણી ક્યાં ફસાય છે, કેવો ફસાય છે અને એ ફસામણીના માર્ગોમાંથી બહાર નીકળવાના રસ્તા કેમ મેળવી શકે છે, એ ક્યારે મળે છે વગેરે વિચારતાં આખા સંસાર પર્યટનની ચાવી પ્રાપ્ત થાય તેમ છે. આપણે આ દૃષ્ટિએ પૂર્વભવોનો અભ્યાસ પરિણામવાદ અને માનસવિદ્યાની નજરે કરીએ.

રાજગૃહી નગરીમાં તે વખતે **વિશ્વનંદી** નામે રાજા રાજ્ય કરતો હતો. એ દાતાર હતો, સૌમ્ય હતો, આનંદી હતો, પ્રજાપ્રિય હતો અને પોતાના સ્વજન ઉપર પ્રેમ રાખનાર હતો. એને પ્રિયંગુ નામની મહારાણીથી એક પુત્ર થયો હતો તેનું નામ **વિશાખનંદી.** મહારાણી પ્રિયંગુનું નામ કોઈ સ્થાનકે મદનલેખા તરીકે બતાવવામાં આવ્યું છે.

આ વિશ્વનંદી મહારાજાને અત્યંત પ્રિય **વિશાખભૂતિ** નામે યુવરાજ નાનોભાઈ હતો. બન્ને ભાઈઓને અરસપરસ ઘણો સારો સુમેળ હતો, સ્નેહ હતો અને એને જીવજાત પ્રેમ હતો, **ધારિણી** નામની અત્યંત ગુણશીલવતી પત્ની હતી.

આ દેવી **ધારિણીની** કૂખે નયસારનો જીવ પુત્રપણે ઉત્પન્ન થયો. **વિશ્વભૂતી** તેનું નામ પાડવામાં આવ્યું. આ વખતે રાજકુળમાં આવવાનું થયું, ભિક્ષુક કુળમાંથી ક્ષત્રિય કુળમાં આવવાનું થયું, તો ત્યાં પણ એને યુવરાજનું સ્થાન ન મળતાં એ રાજાના નાનાભાઈનો પુત્ર થયો તેમાં ગોત્ર કર્મને અંગે હીનતાની પ્રાપ્ત કરેલ સ્થિતિની છાયા હતી એમ લાગ્યા વગર રહે તેમ નથી. આ વિશ્વભૂતિએ સારો અભ્યાસ કર્યો. અનુક્રમે યૌવન પ્રાપ્ત થતાં એના લગ્ન થયા. એ અભ્યાસી અને વિલાસી જીવડો હતો, પણ એની વૃત્તિ વિષયો તરફ બહુ ચપળતા દાખવતી નહોતી. એ મોજમજા કરતો તો તે પોતાના સ્વજનોને રાજી રાખવા માટે કરતો, પણ એના મનમાં અંદર અંદર વિષયો તરફ પ્રેમ ન હતો અને તેમ છતાં એ હજી સંસારથી પરાઙ્મુખ પણ થયો ન હતો.*

* રાજગૃહના રાજકુળનું વંશવૃક્ષ નીચે પ્રમાણે થાય.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુવાનીના ઝૂકતા કાળમાં એક વખત આ વિશ્વભૂતિકુમાર પોતાની પત્નીઓ સાથે પુષ્પકરંડક **નામના ઉદ્યાનમાં** વસંત ક્રીડા કરવા ગયો. રાજગૃહ નગરની આ સારામાં સારી શોભતી આકર્ષક જગ્યા હતી. એ બગીચામાં અશોક અને આંબાનાં વૃક્ષો મોટી સંખ્યામાં હોવા ઉપરાંત એ જાંબુ, જબીર, ખજુરી, અંજન, નાળિયેરી, ફણસ, ખદિર, અને કપૂર, પીલુ, નિંબ, આંબલી વગેરે અનેક જાતિના વૃક્ષોથી અને ફૂલના ઝાડો તથા રોપાઓથી ભરેલો હતો. એનો વિસ્તાર ઘણો મોટો હતો. એમાં ઠામઠામ આરામસ્થાનો, ફુવારાઓ, શીતગૃહો અને વેલાથી આચ્છાદિત મંડપો ઠામઠામ ગોઠવેલાં હતાં અને વચ્ચે વાટિકાઓ, રસ્તાઓ અને આરામસ્થાનો એવી સરસ રીતે યોજાયા હતા કે ભર ઉનાળામાં પણ, એમાં આરામ મળે, ગરમીનું નામ પણ ન દેખાય અને લીલી વનરાજીથી આંખને ઠંડક મળે, એમાં મોર, બપૈયા અને કોયલના ટહુકા આખો વખત થયા કરતા હતા અને એમાં વચ્ચે વચ્ચે જળ-સ્થાનો એવી સુઘડ રીતે યોજાયાં હતાં કે એમાં સ્નાન કરતા માણસ થાકે નહિ. મોગરા ચંપા જાઇ જુઇ માલતીની સુગંધ ચારે બાજુ મહેક મહેક કરી રહી હતી અને સ્વર્ગમાંથી નંદનવન પૃથ્વી પર ઊતરી આવ્યું હોય એવી એની શોભા બની હતી. ફળ ફૂલ વનરાજી અને ક્રીડાસ્થાનોથી ભરેલા અને આનંદ આવે એવા પક્ષીઓથી કર્ણને શાંતિ આપે એવા એ બગીચામાં વચ્ચે વાસસ્થાન હતું. મોટા વિસ્તારમાં પથરાયેલો બગીચો સુરક્ષિત હતો અને રાજગૃહ નગરની શોભારૂપ હોઇ નાક સ્થાને હતો.

આવા પુષ્પકરંડક બગીચામાં એક વસંત ઋતુમાં પોતાની પત્નીઓ સાથે જ્યારે વિશ્વભૂતિ કુમાર આવ્યો ત્યારે તેની ઇચ્છા ત્યાં આનંદ કરવાની અને વસંતઋતુ ત્યાં ગાળવાની હતી. એણે તો ઉદ્યાનની લીલા જોવામાં પોતાની પત્નીઓ સાથે કલ્લોલ આદર્યો. રાજકુંવરની પત્નીઓએ ત્યાં રાસો આદર્યા, ઇચ્છા પ્રમાણે ભ્રમણો શરૂ કરી દીધાં અને ગાનતાન તેમજ આનંદમાં વખત પસાર કરવા માંડયો. ઉદ્યાનને છેડે એક સરોવર હતું, એમાં એણે ખૂબ જ જળક્રીડા કરી. તરુણીઓએ એ સરોવરમાં ખૂબ આનંદથી સ્નાન કર્યાં, એક બીજાને ધક્કા મારી ક્રીડા કરી. અને વિશ્વભૂતિએ એ ક્રીડામાં મધ્યમસર ભાગ પણ લીધો. આખો દિવસ આવી રીતે હરવું ફરવું અને ગાવું-સાંભળવું અને જળક્રીડા કરવી, રાસો જોવા, ગરબા સાંભળવા અને ખાવું પીવું, ચોપાટ શેત્રંજ ખેલવા અને દ્યૂત રમવામાં ઘણોખરો વખત પસાર થતો હતો. આ જીવનમાં જાણે કોઇપણ પ્રકારની ચિંતા છે નહિ એવી રીતે દોગુંદક×દેવના જેવા આનંદના કેન્દ્ર બની ગયેલા એ ઉદ્યાનમાં વિશ્વભૂતિ સર્વની સાથે ભાગ લેતો હતો, પણ એનામાં આસક્તિ ભાવ ન હતો. યંત્રવત્ એ સર્વ રસક્રીડામાં ભળી જતો, પણ એને ઊંડે ઊંડે મનમાં આ વિષયસુખ તરફ આકર્ષણ નહોતું છતાં આખા આનંદનો એ અધિષ્ઠાતા હતો. એટલે રસભંગ થવા દેતો નહોતો, પણ એના અંતરમાં એ જરા સંકોચ પામતો અને કોઇ પણ વખત એ વિષયો સાથે તાદાત્મ્ય સંબંધ કરતો નહિ. (ચાલુ)

**સ્વ૦ મૌક્તિક**

× દોગુંદક દેવો એવા સુખી હોય છે કે એને આખો વખત ઇંદ્રિયના વિષયો ભોગવવા મળે છે અને વગર આંતરે ભોગ ભોગવ્યે જાય છે. ચિંતાનો, ઇર્ષ્યાનો કે લડાઇનો કોઇ પ્રસંગ એને આવતો નથી અને વ્યવહાર દૃષ્ટિએ આ ચાલુ સુખ અનુભવે છે.

**સામાયિકમાં વાંચવા માટે**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ
**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો
મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો:—શ્રી જૈન ધ. પ્ર. સ.—ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમુદ્ર-વહાણ સંવાદ

લેખાંક : (૩)

લેખકઃ-પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય

સાગરે ઉત્તર આપ્યો કે-હે વહાણ! હું જગતમાં પવિત્ર તીર્થ કહેવાઉં છું તે તને ખબર છે. હજારો નદીઓ મને આવીને મળે છે. હજાર નદી એક બાજુ અને એક બાજુ હું-તેમાં મારો પ્રભાવ વધુ છે. ગંગા વગેરે પવિત્ર નદીઓ મારો સમાગમ ચાહે છે. જે સ્થળે હું તેમને મળું છે તે સ્થળ પણ 'ગંગા-સાગર-સમાગમ' રૂપ તીર્થ થયું છે અને ત્યાં ટોળે ટોળા મળીને લોકો ભેળા થાય છે, માટે હું મહાન્ છું-આમ બે દુહામાં સાગરે કહ્યું તેનો ઉત્તર છ દુહામાં વહાણ આપે છે-હે સાગર! તમારું તીરથપણું જોયું. હવે એ વાત ન કાઢી હોત તો સારી, બાકી તમારા સમાગમથી નદીઓ પોતાની મીઠાશ ગૂમાવી દે છે. રંગમાં ને રંગમાં ઊછળતી ગંગા આદિ નદીઓ તમને મળવા આવે છે પણ તમારી ખારાશથી તેઓ તેમનું નામ પણ ગૂમાવી બેસે છે. દુર્જનના સમાગમથી સજ્જનનું નામ જાય. કચરા ભેળી પડેલી કસ્તૂરી કચરામાં ગણાય. દાહને દૂર કરે, તરસને હરે અને મેલને ધોયે એમ ત્રણ અર્થ જેમાં લાગુ પડે તે તીર્થ કહેવાય-પણ આ ત્રણમાંથી એકે અર્થ તમારામાં લાગુ પડતો નથી. તમારાથી ઊલટો દાહ વધે છે; તરસ હરવાની તો વાત જ ન કરવી અને મેલ તો ન હોય તો પણ ચોંટી જાય એવો તમારો સમાગમ છે. 'તારે એ તીર્થ કહેવાય' એ અર્થ જો ખરેખરો વિચારીએ તો જંગમ તીર્થસ્વરૂપ સાધુઓ પણ પાર ઉતરવા માટે મારી બાંહ્ય પકડે છે. બાકી એમ ને એમ તમારો આશરો લે તો તમે તેને સીધે-સીધા તળીએ પહોંચાડી દ્યો-ડુબાડી દ્યો. લોકો તમને પૂજે છે એમાં તમારું મહત્ત્વ નથી. લોકોને ગરજ છે માટે તમને પૂજે છે. જગતમાં ગરજે ગધેડાને પણ બાપ કહેવો પડે છે.

સાતમી ઢાળમાં શરૂઆતમાં વહાણને જવાબ આપતાં સાગર કહે છે કે-વહાણ! હું જગતના લોકો ઉપર કેટલો ઉપકાર કરું છું એ તને શું કહું? મારી પાસેથી લઈને મેઘ પાણી વરસાવે છે, પાણીથી જગત્ જીવે છે, વનરાજી નવપલ્લવ થાય છે, વાવ, કૂવા ને સરોવર ભરાઈ જાય છે, ઝરણાંઓ વહે છે, શોક સર્વ ઓસરી જાય છે, મયૂરો કેકારવ કરતાં નાચી ઊઠે છે. પાણી અને અનાજની સંપત્તિથી જગતના સર્વ કાર્યો સિદ્ધ થાય છે. મારા પાણીવડે તો તારી ઉત્પત્તિ થઈ છે અને એ જ સંબંધી મનમાં વિચારીને અમે તને તારીએ છીએ, હે અવિનયી! ગુણનિધાન મોટા માણસો થોડો પણ સંબંધ ભૂલતા નથી. તારી છોકરમત હું સહન કરું છું. તું કડવા વચન વદે છે-પણ છોરું કછોરું થાય પણ તાત તે અવગુણ ગણતા નથી.

વહાણે કહ્યું કે-હે સાગર, સાંભળ. તમે કહ્યું કે હું મેઘને જળ આપું છું અને તે વરસે છે પણ એ વાત તદ્દન ખોટી છે-તમે આપો છો એમ નહિં સુરેન્દ્રના આદેશથી ગર્જના કરતો મેઘ તમારી પાસેથી પાણી ખૂંચવી લે છે. તમારું જોર તેની પાસે કાંઈ ચાલતું નથી. કંજૂસ માણસનું ધન રાજા ખેંચી લે અને કંજૂસ એમ કહે કે-મેં દાન કરી પુણ્ય બાંધ્યું એના જેવી તમારી વાત છે. નહિં તો તમારે અને મેઘને સાચો પ્રેમ હોય તો મેઘ ઊંચો ચડે છે ત્યારે તમે ડરો છો શા માટે? તમે ખેદ કેમ કરો છો? મેઘ ગાજે છે અને વિજળી ચમકે છે ત્યારે તમે ડરો છો-ખળભળી જાવ છો, ચારે તરફ માથા પછાડો છો, અને મોટાં મોટાં મોજાં ઉછાળીને જાણે ક્યાંક ભાગી જાઉં, રખે એ મેઘ મારું બધું પાણી લઈ લેશે એમ વિચારો છો. વળી તમારું પાણી જે વાદળ સંગ્રહે છે તે તો અમૃત જેવું મીઠું હોય છે-એ બધો ગુણ મેઘનો છે એમાં તમારે ગર્વ લેવા જેવું શું છે? જગતમાં ઘણા પ્રકારના ગુણો હોય છે તેમાં તે જેમાંથી જન્મ્યા તે ચીજને અભિમાન કરવા જેવું કાંઈ નથી. ઘાસ ખાઈને ગાય દૂધ આપે છે તેમાં ઘાસને શું? સ્વાતિનક્ષત્રનું પાણી સાપના મોંમાં પડે તો ઝેર થાય અને છીપમાં પડે તો મોતી થાય એમ ખારું પાણી પણ મીઠું કરીને મેઘ દ્વીપમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સહોદરનો વાર્તાલાપ

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

વડીલ ભાઈ, મારી પ્રતિજ્ઞા પૂર્ણ થઈ છે. હવે હું સંયમ પંથે સંચરવા માગું છું. વ્યવહારની મર્યાદાને અનુલક્ષી આપ વડિલની એ અનુજ્ઞા ઇચ્છું છું.

વર્ધમાન, માતાના અનુપમ સ્નેહને ખાતર જ્યારે તેં ગર્ભમાં રહ્યા રહ્યા પ્રતિજ્ઞા કરેલી કે– 'માતા–પિતાની હૈયાતિમાં મારે દીક્ષા ગ્રહણ ન કરવી' અને એ શીઘ્રછત્રરૂપ ઉભય જતાં તું આટલી જલ્દીથી એના પાલનમાં અગ્રેસર થશે એવો ખ્યાલ મને કઈ રીતે આવી શકે ભલા ?

તે ઉભયના પંચત્વથી હજુ મારા હૃદયમાં ઉદ્ભવેલ દુ:ખ દેહ પર પડેલા તાજા ઘા જેવું છે. એ વેળા તારી આ જાતની માંગણી એ ઘામાં મીઠું ભભરાવવા જેવી લેખાય. એથી મારું દર્દ વધવા પામે. આવા સમયે તો મારી સાથમાં રહી આશ્વાસન આપવાનું હોય.

મોટા ભાઇ, સ્નેહથી ઉચ્ચરાયેલી આપની વાણી વ્યવહારદૃષ્ટિએ ફેંકી દેવા જેવી ન ગણાય, પણ નિશ્ચય દૃષ્ટિએ જ્યારે મારો આ દેહ પણ પોતાનો નથી, પારકો છે અર્થાત્ આત્માથી એ પર છે, ત્યાં પછી બીજા સ્નેહરૂપી વળગણોની વાત વિચારવાનો શો અર્થ ? જ્ઞાની ભગવંતોની વાણી આપથી અજાણી ન જ હોઇ શકે ! 'एगोऽहं नत्थि मे कोइ' એ ટંકશાળી વચન, કેના છોરુ, કેના વાછરુ, કેના માય ને બાપ; અંતકાળે જવું જીવ એકલું, સાથે પુન્ય ને પાપ–એ સ્વાધ્યાયની લીટીઓ, વપુ વિનાશી, હું અવિનાશી, અબ હય ઇનકો વિલાસી, વપુ સંગ જબ દૂર નિકાસી, તબ હમ શિવકા વાસી.

---

વરસે છે. જે પાણી મેઘ વરસાવે છે તે તો જગતને જીવનરૂપ છે અને તમારું પાણી જ્યાં જાય છે ત્યાં તો ખારોપાટ થઇ જાય છે અને તે ભૂમિ ઉખર ગણાય છે. એ ખારપાટમાં વાવેલું પણ અફળ જાય છે. દવથી દાઝેલા ફરી ઊગે છે પણ ખારે દાઝયા કદી ફળતા નથી. તમે ધાન્ય અને ઘાસના મૂળ ઉચ્છેદી નાખો છો અને સઘળે ખાર ખાર કરી મૂકો છો. તમારે ઘેર ઉછર્યાં હોય તે સિવાયના કોઇને પણ એ સ્થળ માફક આવતું નથી. કલ્પવૃક્ષ અને એરંડો એ બન્ને ઝાડ કહેવાય છે, ચિંતામણિ અને કાંકરો એ બન્ને પત્થર ગણાય છે. આકડાનું અને ગાયનું એ બંને દૂધ છે, પણ ફેર ઘણો છે. એમ તમારું પાણી અને મેઘનું પાણી ભલે પાણી કહેવાય પણ ફેર ઘણો છે. નામના સરખાપણાથી ભૂલાવામાં પડવા જેવું નથી. પોતાનું સ્વરૂપ વિચારવું જોઇએ. હું વાદળાના પાણીથી જન્મ્યો છું અને તેના વરસાદે વધુ છું-જીવું છું ત્યાં સુધી તેના ગુણને વિસરતો નથી. તમને તો મેં જન્મારામાં પણ જોયા નથી. જ્યાં જોવાનું ય બન્યું નથી ત્યાં અમારા ઉપર તમે ઉપકાર કર્યો છે એ ક્યાંથી સંભવે ? તમે વાદળને તમારી જાતના ગણાવો છો એ સાંભળી અમને ઘણું જ આશ્ચર્ય થાય છે. નિર્ગુણ માણસ ગુણવંતને જોઇને કહે કે–એ અમારી જાતના છે તો તો જગતમાં જેટલા ભલા છે તે સર્વ તમારા તાત ગણાવો ને ? કોણ ના પાડે છે. પાણીમાં અમે તરીએ છીએ તે તો અમારો તરવાનો સ્વભાવ છે એથી–તમે અમને તરવા દ્યો છો એ વાતમાં કાંઇ સાર નથી. ગાડા નીચે કૂતરું ચાલે ને માને કે મારે લઇને આ ગાડું ચાલે છે એના જેવું એ છે. જો તમારે ગર્વ કરવો હોય અને તેને વ્યાજબી માનવો હોય તો તમે પત્થરને તરવા દ્યો, ગુણનો સંબંધ એક સાચો છે કે કાજ વિના તે સરતો નથી. જે ગુણ ધરે છે અને મિથ્યાભિમાન કરતો નથી તેનો સુયશ જગતમાં વિસ્તાર પામે છે. એ પ્રમાણે વહાણના કથનમાં સાતમી ઢાળ સમાપ્ત થાય છે. (ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધ્યાત્મ ચિંતનવેળા હૃદયમાં રમતી ઉપરની કડી–એ સર્વને ક્યાં સુધી ઉવેખી શકાય ?

પ્રિય બાંધવ, હું પણ ભગવાન શ્રી પાર્શ્વનાથના શાસનમાં ઉછરેલો હોવાથી ઉપરના વૈરાગ્ય વચનોથી માહિતગાર છું. વળી ચૌદ મહાસ્વપ્નસૂચિત તારો જન્મ, એ પણ મારી ધ્યાન બહાર નથી જ. ચોવીસમા તીર્થપતિ તરીકેની જે જવાબદારી તારા શિરે આવવાની છે એ મારાથી અજાણી નથી. મારી માંગણી કંઇ કાયમને માટે તને અહીં રોકી રાખવાની નથી. દુન્યવી સુખો તરફનો તારો ઉદાસીન ભાવ મારાથી અજાણ્યો નથી, છતાં મારું અંતર પોકારે છે કે–એ માટેના નિષ્ક્રમણની પળ હજુ આવી નથી. મારા શિરે આવી પડેલ આ સંકટમાં મારી નજર આગળનો તારો વસવાટ એ તપ્ત હૃદય પર શીતળ જળના છાંટણા જેવો નીવડશે. મારો આગ્રહ એ કારણે જ છે.

વડીલ ભ્રાતા, આપ કયા કારણે કહો છો કે, એ પળ આવી નથી ? મારા હૃદયમાં ચાલતાં મંથનનો ખ્યાલ અન્યને ક્યાંથી આવી શકે?

અનુજ ! એ કહેવા પાછળ મારી પાસે વિશિષ્ટ જ્ઞાન તો નથી જ, પણ કેટલીક દલીલો છે, અને વ્યવહારના કાંટે એ તોલવામાં આવે તો લાભાલાભની નજરે સાચી ઠરે તેમ છે. એ પાછળ સધિયારો ' परोपकाराय सतां विभूतयः ' રૂપ નીતિકારોના ટંકશાળી સૂત્રનો છે. વ્યવહારનું એ સૂત્ર છે કે–વિશ્વ કલ્યાણના વાંછુએ શરૂઆત તો પોતાના કુટુંબીઓથી જ કરવી ઘટે. જેઓ માતાને કકળાવી કે પિતાની વાતને અભરાઇએ ચઢાવી, ત્યાગ પાછળ ભાગી છૂટે છે એ ભલે માને કે ઠીક કરે છે, પણ એમાં ચોકખી સ્વાર્થની ગંધ સમાયેલી છે, વડિલોનો અવિનય પણ છે. વહેવારુ જગત એ કાર્યને સારું માનતું નથી જ. જ્ઞાની ભગવંતો પણ વ્યવહારને અવગણી કેવળ નિશ્ચયના ઉપર ભાર મૂકતા નથી. વળી વીતરાગ દર્શન તો ' विनयमूलो धम्मो ' એ વચનને મુદ્રાલેખ માને છે. જો એમ ન હોત તો ભગવંત શ્રી ઋષભદેવ સમિપે પ્રવ્રજ્યા સ્વીકારવાની અભિલાષાથી આવેલ બ્રાહ્મી અને સુંદરી શા માટે સાથે દીક્ષિત ન થાત? ભરતરાજની આજ્ઞા માત્ર બ્રાહ્મીને મળી એટલે એ સાધ્વી બની શકી, જ્યારે વડીલની આજ્ઞાના અભાવે સુંદરીને એ વેળા થોભવું પડ્યું. આના ઉપરથી શું એ સાર ન તારવી શકાય કે દીક્ષા જેવા પવિત્ર ધર્મનું પાલન કરવા નિકળનાર વ્યક્તિએ રક્તના સંબંધથી જોડાયેલ સ્નેહીઓની વિદાય રાજીખુશીથી લઇને નિકળવું જોઇએ. મારી સમજથી અર્હતના શાસનમાં દીક્ષાનો ધોરી માર્ગ આ જ હોઇ શકે. જે વ્યક્તિને ચોળમજીઠ જેવો વૈરાગ્ય રંગ બેઠો હોય એને વિમાસણ ન જ સંભવે. કદાચ થોડો વિલંબ ગળે બાઝે તો પણ એથી એનું કંઇ બગડતું નથી. ' મન ચંગા તો કથરોટમાં ગંગા ' જેવી ઉક્તિ એને માટે માર્ગદર્શક હોય. મોહપાસમાં પડેલા સંબંધીઓને જે મનાવી શકતો નથી, પોતાના રાહની સચ્ચાઇ પરખાવી શકતો નથી, એ જગતના જીવોનો રાહબર કેવી રીતે બની શકવાનો ?

ભાઇ, મારી ઉપરની વાત જ્ઞાનદષ્ટિયે કદાચ ન ટકી શકે તેવી હોય તો પણ, જ્યારે તમો સ્નેહના તંતુને આગળ ધરી માતા–પિતાને ઓછું ન આવે એ કારણે સંસારમાં રોકાયા, તો મારો ભાઇ તરીકેનો સ્નેહ, ભગિની સુદર્શનાનો પ્રેમ, સૌ. યશોદાનો હક અને ચિ. પ્રિયદર્શનનાનો મોહ, થોડો સમય અહીં રોકાઇ રહેવાનું કહે, એમાં કયું કાર્ય વિણસી જવાનું હતું ? શું અમારા સર્વ માટે એટલો આગ્રહ કરવાનો આવી દુઃખની વેળાયે અમોને હક્ક નથી ? આ જાતની પ્રાર્થના રક્ત સંબંધથી જોડાયેલી વ્યકિત અવગણે ત્યાં પછી બીજા એને ધુતકારે એમાં શી નવાઇ !

જ્યેષ્ટ બાંધવ, આપ સરખા વડિલના આશીર્વાદ લેવા હું આવ્યો ત્યારે આપે તો દલીલોનો વરસાદ વરસાવ્યો. હું જ્યારે આપને મારા મુરબ્બી માનું છું ત્યારે એ દલીલોનો રદિયો આપવાની વાત સંભવતી જ નથી. હું સારી રીતે સમજું છું કે એની રજુઆત પાછળ મારા પ્રત્યેનો એકાંત સ્નેહ જોર કરી રહ્યો છે.

For Private And Personal Use Only

વળી આપ એ પણ સમજી લ્યો કે–ભાઈ, બ્હેન, પત્ની કે પુત્રી પ્રત્યે મને આકર્ષણ નથી જ એવું નથી. અલબત્ત મારા આકર્ષણમાં સંસારી સંબંધના તાણાવાણાને સ્થાને આત્મા અગ્રપદે છે. વળી જે માર્ગ હું લેવા માંગું છું તે દ્વારા જનકલ્યાણનો પ્રશ્ન અગ્રપદે છે. જનકલ્યાણમાં કુટુંબીજનોનું કલ્યાણ આવી જ જાય છે.

વર્ધમાન, જનકલ્યાણ અર્થે સંસાર ત્યજનાર વિભૂતિને '**તીર્થ પ્રવર્તાવો**' એવી પ્રાર્થના કરાય છે. અહીં એવું બન્યું હોય તેવું મારી જાણમાં નથી. આયુધશાળામાં ચક્રરત્ન પેદા થાય ત્યારે જેમ ચક્રવર્તી છ ખંડ સાધનાર્થે નીકળે છે તેમ તમો પણ તીર્થંસ્થાપનનો નાદ ગાજે ત્યારે નીકળી પડજો. અમો ગાજતેવાજતે તમને વિદાય આપીશું.

મારું મન પોકારે છે કે જે વિભૂતિ જગતવત્સલ થવા સરજાઇ છે તે અવશ્ય ભ્રાતૃવત્સલ ને કુટુંબવત્સલ થશે જ.

રાજવી નંદીવર્ધન સાથેના ઉપર પ્રમાણેના વાર્તાલાપ પછી શ્રી વર્ધમાનકુંવરે અંતરમાં કેવા વિચારણા કરી તે નોંધાયેલી મળતી નથી, પણ જે શબ્દો નોંધાયા છે તે આ પ્રમાણે છે.

વડીલ ભાઇ હજુ હું જરૂર બે વર્ષ અહીં થોભીશ પણ હવેથી મારા નિમિત્તે આપને અહીં કંઇ પણ ખાનપાન કે આરંભ–સમારંભ કરવાપણું નથી. જાણે હું ચારિત્ર માર્ગનો અભ્યાસ કરી રહ્યો હોઉં એવા જ રીતે સંસારના પ્રસંગોથી અલિપ્તપણે રહેવાનો છું. મારો સમય મારા ભાવી કાર્યની વિચારણામાં જ વ્યતીત થવાનો. મને ઘરમાં રહેલ સંયમ માર્ગનો પ્રવેશક ગણજો. આમ છતાં હું આપની અને કુટુંબીજનોની વચમાં જ વસવાનો છું એટલે મારી નિયત કરેલી ભૂમિકાને અલવલ ન પહોંચે એવી રીતે સંસારના સંબંધનું વળગણ તો મને રહેશે જ. મારા આ વસવાટથી આપ સર્વને પૂર્વ જેવો ફાયદો તો નથી પહોંચવાનો છતાં થોડું પણ અવલંબન મળતું હોય તો મને એ સ્વીકાર્ય છે. મારો રાહ વ્યવસ્થિત કરવામાં એ અડચણરૂપ નથી જ. મારે મન વડિલની આજ્ઞા શિરોધાર્ય કરવાનો આનંદ છે અને જગતના જીવો સામે હું ભવિષ્યમાં જે વાત કરવાનો છું, જે પ્રણાલિકા શરૂ કરવાનો છું એમાં કુટુંબીઓની હસતા મુખડાની વિદાય સંગીન પાયા પરના આશીર્વાદરૂપ બનશે

જેમના શાસનમાં આજે આપણે સૌ વિચરી રહ્યા છીએ, અને જેમની તત્ત્વવાર્તાએ આજે અખિલ વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે, એ પરમાત્મા મહાવીરદેવની પ્રવજ્યા–ભાગવતી દીક્ષા કેવી મધુરતાથી આરંભાઇ હતી એની કંઇક ઝાંખી આ લેખમાં જોવા મળે તેમ છે.

ઉપર વર્ણવી મોકાશથી વર્તતો ભગવંતના માર્ગનો શ્રમણ એ આજની દુનિયામાં અણમૂલા રત્ન સમાન છે. આ પ્રકારના શ્રમણો ધારે તો ફક્ત એક જ **સારનાથ નહીં પણ સંખ્યાબંધ સારનાથ ઊભા કરી શકે.** એ સારુ જરૂર છે અનેકાંત દષ્ટિની.


**અધ્યાત્મકલ્પદ્રુમ** (શ્રી મહાવીર જૈન વિદ્યાલય–પ્રકાશન)

લેખક–**સ્વ૦ મૌક્તિક**

ખરેખર જ આત્માની સાચી શાંતિ મેળવવી હોય તો આ ગ્રંથ અવશ્ય વાંચો. સુવર્ણ સરીખા આ ગ્રંથનું વિશેષ વર્ણન શું કરવું ? આ ચોથી આવૃત્તિ જ તેની ઉપયોગિતા જાહેર કરે છે. પાકું હૉલ કલૉથ બાઈંડીંગ, સુંદર જેકેટ, ક્રાઉન આઠ પેજી, ૪૮૦ પૃષ્ઠ છતાં મૂલ્ય માત્ર રૂા. ૬–૪–૦ લખો:–**શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર.**

# જિનદર્શનની તૃષા

(૫)

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S.

### અંધ જનોની ભેદ કલ્પના અયુક્ત

વળી આ અંધજનોમાં કોઈ ચંદ્ર વાંકો છે, કોઈ ત્રાંસો છે, કોઈ ચોરસ છે, એમ કહી તેના ભેદની પરિકલ્પના કરે, તો તે પણ અયુક્ત છે, નીતિથી વિરુદ્ધ છે; કારણ કે જે ચંદ્રને દીઠો જ નથી, તેના સ્વરૂપ સંબંધી ગમે તે કલ્પના કરવી તે કલ્પના જ છે, સત્ય નથી. તેમ છદ્મસ્થ જનો સર્વજ્ઞ આવા છે કે તેવા છે વગેરે તેના ભેદસંબંધી પરિકલ્પના કરે, તો તે અયુક્ત છે, બેહૂદું છે; કારણ કે જે સર્વજ્ઞને પોતે દીઠા જ નથી, તેના સંબંધી ગમે તે કલ્પનાના ઘોડા દોડાવવા તે મિથ્યા કલ્પનારૂપ જ છે. સત્ય નથી. જે ચંદ્ર પોતાને દેખાતો નથી તે ચંદ્રના વિવિધ ભેદ કલ્પી, આંધળાઓ તે સંબંધી ઝગડો કરે, તો તે તો કેટલું બધું બેહૂદું કહેવાય? તેમ જે સર્વજ્ઞ પોતે દીઠા નથી, જે સર્વજ્ઞ દર્શન પોતે કર્યું નથી, તે સર્વજ્ઞના અને સર્વજ્ઞ દર્શનના જૂદા જૂદા ભેદ કલ્પી, છદ્મસ્થો તે ભેદ સંબંધી મિથ્યા વાદવિવાદ કરે, સામસામા પ્રતિક્ષેપ કરે, પરસ્પર ખંડન મંડનમાં ઉતરી પડે તે તો અત્યંત અયુક્ત છે જ, એ આ સર્વ ઉપરથી ફલિત થાય છે. અત્રે હે ભગવન્! આપના દર્શનપ્રસિદ્ધ જન્માંધ મનુષ્યોને* હાથીનું દૃષ્ટાંત ઘણું બંધબેસતું છે તે સ્મરણમાં આવે છે.

### જન્માંધ મનુષ્યો અને હાથીનું દૃષ્ટાંત

કોઈ એક સ્થળે હાથી આવ્યો. એને જોવા માટે ૭ જન્માંધ પુરુષો ગયા. તે આંધળાઓએ હાથીને હાથ લગાડીને જોયો. એકના હાથમાં હાથીની સૂંઢ આવી એટલે તેને હાથી સાંબેલા જેવો લાગ્યો. બીજાના હાથમાં દંતૂશળ આવ્યું એટલે તેને તે ભૂંગળા જેવો લાગ્યો. ત્રીજાના હાથમાં કાન આવ્યો; એટલે તેને તે સૂપડા જેવો લાગ્યો. ચોથાના હાથમાં પગ આવ્યો, એટલે તેને હાથી થાંભલા જેવો જણાયો. પાંચમાંના હાથમાં ઉદર આવ્યું; એટલે તેને તે મશક જેવો જણાયો. છઠ્ઠાના હાથમાં પૂંછડું આવ્યું, એટલે તેને તે સાવરણી જેવો જણાયો. આ ઉપરથી તેઓએ પોતપોતાનો અભિપ્રાય બાંધ્યો, અને પછી એક બીજાને જણાવ્યો. પછી દરેક પોતપોતાના અભિપ્રાયમાં મક્કમ હોઈ, પોતે જ સાચો છે ને બાકીના બીજા બધા ખોટા છે, એમ આગ્રહ કરી પરસ્પર ઝગડો કરવા લાગ્યા, મિથ્યા ચર્ચામાં ઉતરી પડ્યા, ને તકરાર વધી પડી!

### અનેકાન્ત યુક્તિથી સમાધાન

ત્યાં કોઈ એક દેખતો મનુષ્ય આવી ચઢ્યો અને તે તેઓને નિવારીને બોલ્યો કે–અરે! ભલા માણસો! આ તમે ફોગટ ઝગડો શા માટે કરો છો? તમે બધાય ખોટા છો અને તમે બધાય સાચા છો! કારણ કે હાથી આવો જ છે એવા તમારા આગ્રહથી તમે ખોટા છો, અને અમુક અંગની અપેક્ષાએ હાથી આવો છે એ રીતે તમે સાચા છો. જુઓ! હાથીની સૂંઢનો આકાર સાંબેલા જેવો છે, દંતૂશળનો આકાર ભૂંગળા જેવો છે, કાન સૂપડા જેવા છે, પગ થાંભલા જેવા છે, પેટ મશક જેવું જણાય છે અને પૂંછડું સાવરણી જેવું દેખાય છે. એક એક અંગને સ્પર્શવાથી તમને હાથી તેવો લાગ્યો તે તે અંગની અપેક્ષાએ બરાબર છે, પણ તે ઉપરથી કાંઈ આખા હાથીનો ખ્યાલ ઓછો જ આવે છે! સમગ્ર અંગ મળીને હાથી બને છે, માટે તેનું સાંગોપાંગ સ્વરૂપ બરાબર સમજવું જોઈએ, તમારો આગ્રહરૂપ

---

* "परमागमस्य जीवं, निषिद्धजात्यन्धसिन्धुरविधानम् । सकलनयविलसितानाम्, विरोधमथनं नमाम्यनेकान्तम्" ॥
—મહર્ષિ અમૃતચંદ્રાચાર્યજીકૃત પુરુષાર્થસિદ્ધિઉપાય

'જ કાર* એકાંતવાદ છોડી દેવો જોઇએ, એમ સમજી હવે તમારો ઝઘડો બંધ કરો! બંધ કરો! 'સહુ થાપે અહમેવ'ની ચેષ્ટા છોડી દો! છોડી દો! એમ તે ડાહ્યા દેખતા-દ્રષ્ટા અનેકાન્તવાદી પુરુષે નિરાગ્રહી સર્વ સમન્વયકારી અનેકાંત યુક્તિથી સમજાવ્યા, એટલે તે વાદીઓ ટાઢા પડયા ને મિથ્યા ચર્ચા છોડી દઇ સમજીને શાંત થયા.

**સર્વસમન્વયકારી અનેકાન્તી દ્રષ્ટાનું ઉદ્બોધન**

આપના સિદ્ધાંતપ્રસિદ્ધ આ દૃષ્ટાંતના ઉપનય પ્રમાણે હે ભગવન્, સર્વસમન્વયકારી તમારા અનેકાન્તદર્શનનું સામાન્ય દર્શન પણ જેને થયું છે તે અનેકાંતવાદી નિરાગ્રહી દ્રષ્ટા પુરુષ ઇતર એકાન્તવાદી આગ્રહી મતાંધ જનોને સૌમ્યપણે સમજાવે છે કે-ભાઇઓ! તમે આ તમારા મતદર્શનના આગ્રહનો મિથ્યા ઝઘડો બંધ કરો! બંધ કરો! બંધ કરો! 'સહુ થાપે અહમેવ'ની ચેષ્ટા છોડી દો! છોડી દો! કારણ કે સર્વજ્ઞ આદિ અતીન્દ્રિય× અર્થનો નિશ્ચય યોગજ્ઞાન સિવાય થતો નથી, અતીંદ્રિય જ્ઞાનથકી જ તેની સિદ્ધિ થાય છે, એટલા માટે અત્રે સર્વજ્ઞ અને સર્વજ્ઞદર્શનની બાબતમાં અંધ જેવા છદ્મસ્થોના વિવાદથી શું? સર્વજ્ઞ આદિ વિષય અતીન્દ્રિય છે. ઇંદ્રિય અને મનને અગોચર છે અને માત્ર યોગીઓને જ જ્ઞાનગમ્ય થઇ શકે એવા છે.

**અતીંદ્રિય અર્થબાબતમાં અંધસમા છદ્મસ્થોના વિવાદથી શું?**

એ સંબંધી યથાર્થ નિશ્ચયની સકલ નિર્ણયની બાબતમાં છદ્મસ્થોનો અધિકાર નથી અને વિશેષથી તત્ત્વો નહિ દેખનારા એવા તે છદ્મસ્થો અંધ જનો જેવા હોઇ, એ એમના અધિકાર બહારના વિષયમાં તત્ત્વનિશ્ચય બાબતમાં તેઓનો વિવાદ નકામો છે, તેઓની ચર્ચાની અર્ચા અકિંચિત્કર છે. કારણ કે જે વસ્તુ આપણે સામાન્યપણે પણ દેખતા નથી, જાણતા નથી, તેના સ્વરૂપ બાબત સ્વચ્છંદે કલ્પના કરી, મિથ્યા ઝગડો કરવો, નિઃસાર વાગ્યુદ્ધ કરવું, વાદ-પ્રતિવાદ કરી થૂંક વલોવવું, ખંડન-મંડનમાં પડી વૈમનસ્ય વધારવું તે મૂર્ખતાની નિશાની છે; ચંદ્રના આકાર વિષે અંધજનોની કલ્પના જેવું હાસ્યાસ્પદ છે; પેલા આંધળાઓ જેમ હાથીના સ્વરૂપ બાબત ખોટો ટંટો કરતા હતા, તેના જેવું ફોગટ છે. તેવા મિથ્યા વિવાદથી લાભ થવાને બદલે ઊલટી હાનિ થાય છે, કારણ તેથી પોતાના **સતચિત્તનો નાશ** થવારૂપ અનિષ્ટ ફલ નીપજે છે, અર્થાત્ સદ્ભાવવાળો ચિત્ત આશય નષ્ટ થઇ દુષ્ટ આશય જન્મે છે, રાગદ્વેષાદિ દોષની વૃદ્ધિ થાય છે, ચિત્તને અશાંતિ ને સંક્ષોભ ઉપજે છે. આવા સતચિત્તનો નાશ કરનારા વિવાદનું સંતજનોને શું પ્રયોજન છે? કંઇ જ નહિં, કંઈ જ નહિં.

**ઉપસંહાર: 'અભિનંદન જિન દર્શન તરસિયે'**

આમ હે જિન ભગવાન! સામાન્યપણે પણ જે દુર્લભ છે અને વિશેષપણે સકલ નિર્ણયપણે તો વિશેષ કરીને દુર્લભ છે, એવા આ તમારા દર્શન પરત્વે એમ અનેક પ્રકારે વિચારતા મને પ્રતીત થાય છે કે આ મતાંધ મતવાદીઓના વિવાદમાં કાંઇ સારભૂત તત્ત્વઅમૃતજલ નીકળે એમ નથી, અને મારી જિનદર્શનની તૃષા છીપે એમ નથી; એટલે હે અભિનંદન, મારી આ દર્શન તૃષા ઓર વધતી જાય છે. અને મારો અંતરાત્મા ક્ષણે ક્ષણે પોકારે છે કે-

**અભિનંદન જિન દરિશન તરસિયે,**
**અભિનંદન જિન દરિશન તરસિયે.**

( અપૂર્ણ )

---

* થોડા પણ મહાગ્રંથગંભીર શબ્દમાં સમસ્ત એકાન્તવાદીનું પરમ સમર્થ નિરસન કરતું **સંતશિરોમણી શ્રીમદ્ રાજચંદ્રજીનું** ચમત્કારિક સુભાષિત છે કે-

એકાંતવાદ એ જ જ્ઞાનની અપૂર્ણતાની નિશાની છે વાદીઓ! મને તમારે માટે દર્શાવે છે. કારણ શિખાઉ કવિઓ કાવ્યમાં જેમ તેમ ખાલી દાબવા 'જ' શબ્દનો ઉપયોગ કરે છે, તેમ તમે પણ 'જ' એટલે નિશ્ચયતા શિખાઉ જ્ઞાનવડે કહો છો. મારો **મહાવીર** એમ કોઇ કાળે કહે નહિ; એ જ એની સત્કવિની પેઠે ચમત્કૃતિ છે.

—**શ્રીમદ્ રાજચંદ્ર** પત્રાંક ૬

× "निश्चयोऽतीन्द्रियार्थस्य योगिज्ञानाद्दते न च ।
अतोऽप्यत्रान्धकल्पानां विवादेन न किंचन ॥"

—**શ્રીયોગદૃષ્ટિસમુચ્ચય**, શ્લો. ૧૪૩

# વ્યવહાર કૌશલ્ય

(૩૧૪)

**આનંદ શબ્દમાં શેનો શેનો સમાવેશ નથી થતો ? એમાં મનુષ્ય આત્માનો સમાવેશ થાય, એમાં હૃદયવિશુદ્ધિ આવે છે, એમાં પ્રેમાળ અને વ્હાલસોયા અંતઃકરણનો સમાવેશ થાય છે, એમાં નમ્રતા અને ઉદારતા આવે છે અને બીજાને ઓળખી તેની બુઝ તેમાં થાય છે અને પોતાનો નમ્ર મત પોતા માટે હોય છે.**

તમે સંતોષની કવિતા તો જરૂર જૂની બાળપોથીમાં વાંચી જજો. સંતોષીને સર્વ પ્રકારનું સુખ હોય છે. સંતોષી માણસ પ્રસન્નચિત્તે આત્મિક સુખ અનુભવે છે. એની સંવેદના તદ્દન શાંત હોય, પ્રશમરસમાં નિમગ્ન થતી દેખાય છે. જ્યારે જ્યારે આવા આત્માનંદી પ્રાણીને જુઓ ત્યારે તમને પણ પ્રસન્ન વદન થાય છે. એમાં સંતોષનું સુખ તો પારાવાર હોય છે, એ પોતે રાજી રહે છે અને એના સંબંધમાં આવનાર સર્વને રાજી રાખે છે. એની સ્વભાવની ઉદારતા એટલી ભારે હોય છે કે એનો ચેપ આજુબાજુના વાતાવરણમાં એ ભરી દે છે. એ લાયક માણસ આનંદી રહે છે અને સંબંધમાં આવનારને રાજી રાખે છે, એના વાતાવરણમાં કોઇ પણ જગ્યાએ કકળાટ કે ઉશ્કેરણી તમે જોશો કે અનુભવશો નહિ અને જ્યારે જુઓ ત્યારે એનો હસતો ચહેરો એની આસપાસ પણ આનંદ અને ગમત કરાવે છે. એનું મ્હોઢું પણ હસતું હોઇ એ કોઇને કડવું કહેતો નથી અથવા કડવાટ એના કોશ(ડીક્શનેરી)માં જ નથી. એ તો જ્યાં જાય ત્યાં આનંદ કરે અને બીજાને આનંદ કરાવે, એનામાં આનંદનું વાતાવરણ જ ભરેલું હોય છે.

આનંદી માણસમાં **નરમતા** અને **નમ્રતા** હોય છે. એને પોતાની કિંમત પણ ઓછી જ હોય છે અને પોતાની જાતને એ કોઇ પર ઠસાવતો નથી. એ બીજામાં સારા ગુણ હોય તેની બુઝ જાણે છે અને પોતઃ માટે મધ્યમસરનો અભિપ્રાય રાખે છે. આવા આનંદી માણસનો ભેટો થવો અથવા તેવા સાથે મિત્રતા કરવી એ પણ જેને તેને મળતું નથી. આપણા ધનભાગ્ય હોય તો આવા માણસનો મેળાપ થાય છે અથવા એનો પરિચય થાય છે. એવા માણસો **સોસાયટીના થાંભલા** અથવા **દોરવણી આપનાર** છે, કારણ કે તેના વગર સંસાર સૂનો છે. જેમ એવા આનંદી માણસ સાથે સંબંધ કે સંપર્ક વધતો જાય તેમ તેમ તેનામાં રહેલ ગુણો ઝગકતા જાય છે અને ખીલતા જાય છે. તમને એવા સ્વાત્માનંદી માણસ સાથે પરિચય થાય તેવો પ્રબંધ કરો અને તમારામાં થતો જીવનપલટો બરાબર નોંધી લો. આખા જીવનને ફેરવનાર આવા સ્વાત્માનંદી માણસો છે અને એવા પરિચયથી તમે કદી છેતરાશો નહિ, પણ ઊલટા વધારે આનંદી થશો; માટે જેમ બને તેમ સ્વાત્માનંદી સાથે સંપર્ક સાધો. જે કુશળ માણસો હોય છે તે પોતાની કુશળતામાં વધારો કરી આનંદ કરે છે.

સ્વ. મૌક્તિક

What indeed does not the word cheerfulness imply ? It means the contented spirit, it means a pure heart, it means a kind and loving disposition, it means humanity, it means a general appreciation of others and modest opinion of self.

—*William Thackery*


બાળકોના જીવનમાં ઉત્તમ સંસ્કારો રેડવા માટે

**સંસ્કારનું વાવેતર**

લખો :–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

અવશ્ય મંગાવો

મૂલ્ય : ચાર આના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પારિભાષિક શબ્દ–વિવરણ

## પાંચ (પંચક) સંખ્યા

( ૨ )

સંગ્રા૦ શ્રી ડાહ્યાભાઈ મોતીચંદ વકીલ–સુરત

પરમેષ્ઠિ–અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ.
પદાર્થ–પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, આકાશ.
જ્ઞાન–મતિ, શ્રુત. અવધિ, મનઃપર્યવ, કેવળજ્ઞાન.
નમસ્કાર–અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ(ઓને નમસ્કાર)
સમકિતના લક્ષણો–શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્યતા.
સમિતિ–ઈર્યા, ભાષા, એષણા, આદાનભંડમત્તનિખેવણા, પારિષ્ઠાપનિકા.
ઈંદ્રિયો–ઘ્રાણેંદ્રિ, ચક્ષુરિંદ્રિ, શ્રોત્રેંદ્રિ, સ્પર્શેંદ્રિ, જિહ્વેન્દ્રિય.
પ્રતિક્રમણ–દેવસિ, રાઇ, પાક્ષિક, ચૌમાસિક, સાંવત્સરિક
મોટાં તીર્થ–શત્રુંજય, ગિરનાર, આબુ, સમેતશિખર, અષ્ટાપદ.
કલ્યાણક–ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન, મોક્ષ.
પાંડવ–યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ, સહદેવ.
મહાવ્રત–અહિંસા, અસ્તેય, અદત્તાદાન, બ્રહ્મચર્ય, અપરિગ્રહ.
અધર્મો–હિંસા, જૂઠું, ચોરી, મૈથુન, પરિગ્રહ.
મોટી તીથી–સુદ પાંચમ, બે આઠમ, બે ચૌદશ (દરેક મહિનાની).
આચાર–જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર.
મોક્ષના સાધનો–જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય.
પદાર્થના ધર્મો( વર્ણો )–શબ્દ, રૂપ, રસ, ગંધ, વર્ણ.
ધાતુ-સોનું, રૂપું, ત્રાંબું, પીત્તળ, કાંસુ.
અંતરાય–દાનાંતરાય, ભોગાંતરાય, લાભાંતરાય, જ્ઞાનાંતરાય, વીર્યાંતરાય
વાણિજ્ય–દંત, લખ, રસ, કેશ, વિષ (વાણિજ્ય)
કર્મ–અંગાર, વન, સાડી, ભાડી, ફોડી (કર્મ)
સામાન્ય કર્મ–યંત્રપિલ્લણ, નિલંછણ, દવદાન, સરશોષણ, અસતિપોષણ.
નિદ્રા–નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનર્દ્ધિ.
વાયુ–પ્રાણ, અપાન, સમાન, ઉદાન, અવ્યાન.
સજ્ઝાય ઉર્ફે સ્વાધ્યાય–વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા.
દિવ્ય–હાથી, ઘોડા, છત્ર, ચામર, કળશ.
જ્યોતિષી–ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા.
આંગળી–પ્રથમા, તર્જના, મધ્યમા, અનામિકા, કનિષ્ઠા.
પક્વાન્ન–ખાજાં, ઘેબર, સૂતરફેણી, લાડુ, પુરી.
પંચાંગી–સૂત્ર, નિર્યુક્તિ, ટીકા, ચૂર્ણિ, ભાષ્ય.
પંચામૃત–દૂધ, દહીં, ઘી, સાકર, પાણી (ગુલાબજળ)
દાન–અભય, અનુકંપા, સુપાત્ર, ઉચિત, કીર્તિ (દાન)
સમકિતના દૂષણો–શંકા, કંખા, વિતિગિચ્છા, પરમતની પ્રશંસા, મિથ્યામતીઓનો પરિચય.
વિરુદ્ધ આચાર–રાજ્ય, સમુદાય, નીતિ, ધર્મ, વ્યવહાર, (વિરુદ્ધ).
શરીર–ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ, કાર્મણ.
સમકિત–ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, સાસ્વાદન, વેદક.
મોટાં જૂઠાં–કન્યાલીક, ગવાલીક, ભૂમ્યલીક, થાપણમોસો, કૂડીશાખ.
બંધુ–માતા, પિતા, પુત્ર, મિત્ર, કલત્ર.
નિગ્રંથ–પુલાક, બકુશ, કુશીલ, નિગ્રંથ, સ્નાતક
રત્ન–સોનું, માણેક, હીરા, નીલમ, મોતી.
લવણ–સૈંધવ, બિલવણ, સંચળ, ટંકણ, સમુદ્રનું મીઠું.
પંચાંગ ટીપણાના–તિથિ, વાર, નક્ષત્ર, યોગ, કરણ
સૂત્રના પ્રકાર–ગાથા, પદ, વર્ણ, સંપદા, શ્વાસોશ્વાસ,
વર્ણ– શ્વેત, નીલ, પીત, રક્ત, હરિત.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पुस्तकोनी पहोंच

**१ सर्वज्ञशतकम्**—( પ્રતાકાર ) પ્રકાશિકા-શ્રી મીઠાભાઇ કલ્યાણચંદ જૈન પેઢી-કપડવંજ. સંશોધક-મુનિરાજ શ્રી ચંદનસાગરજી ગણિવર્ય. પ્રતાકાર પાના ૨૧૪. મૂલ્ય અમૂલ્ય. સભાને શેઠ નેમચંદ જીવણચંદ બાજીપુરાવાલા તરફથી ભેટ મળેલ છે.

આગમોદ્ધારક ગ્રંથમાળાના પ્રથમ મણકા તરીકે મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવરવિરચિત સ્વોપજ્ઞવૃત્તિવાળો આ **"સર્વજ્ઞશતક"** નામનો સુંદર ગ્રંથ પ્રતાકારે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ઉપાધ્યાયજી મહારાજશ્રીની વિદ્વત્તા અકાટ્ય હતી. તેઓશ્રીએ પોતાની સુંદર છટાથી અનેક વિદ્વાનજનોને પણ માન્ય એવી શૈલીથી સર્વજ્ઞ-કેવળજ્ઞાની ભગવંતને અંગે પ્રવર્તતી વિધવિધ ભ્રાંત માન્યતાઓનું સુંદર રીતે નિરસન કરી કેવળજ્ઞાની સંબંધી અનેક વિષયોનું પ્રતિપાદન કરેલ છે. ગ્રંથ ઉપયોગી અને લોકોપકારક છે. આ ગ્રંથ પ્રકાશનમાં સહાયદાતાઓનો, સહાયકોને પ્રેરણા કરનાર મુનિવર્યોનો તેમજ હસ્તલિખિત પ્રતિ મુદ્રણ માટે આપનાર મુનિરાજશ્રી નરેન્દ્રસાગરજીનો પ્રયાસ પ્રશંસનીય છે.

**૨ શ્રી આનંદઘનજીનાં પદો**—( પદ ૧ થી ૫૦ ) પ્રકાશક :-શ્રી મહાવીર જૈન વિદ્યાલય-મુંબઇ. ક્રાઉન આઠ પેજી પૃષ્ઠ ૬૦૦, પાકું હૉલક્લોથ બાઈંડીંગ, સુંદર જેકેટ છતાં મૂલ્ય માત્ર રૂપિયા સાડા સાત.

શ્રીયુત મોતીચંદભાઇ કાપડીયા ગ્રંથમાળામાં ત્રીજા મણકા તરીકે આ અપૂર્વ ગ્રંથ પ્રકટ કરવામાં આવેલ છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયે સ્વ. મોતીચંદભાઇના લખેલા અને આજે અનુપલબ્ધ ગ્રંથોને પ્રકાશન કરવાનું કાર્ય શરૂ કર્યું છે તે ખરેખર અભિનંદન તેમજ પ્રશંસાને પાત્ર છે. (૧) શ્રી અધ્યાત્મકલ્પદ્રુમ (૨) જૈન દષ્ટિએ યોગ-એ બે પ્રકાશનો કર્યા બાદ આ ત્રીજું પ્રકાશન સૌ કોઇને પસંદ પડે તેવું તેમજ આકર્ષી લે તેવું છે.

સ્વ. મોતીચંદભાઇએ સ્વ. પં. શ્રી ગંભીરવિજયજી ગણિવર પાસે વર્ષો પૂર્વે આ પદોના અર્થો અવધારેલ, ત્યારબાદ તે પચાસ પદો આપણી સભા મારફત છપાવવામાં આવેલ. પદો પરનું વિવેચન ઘણું

---

**જીવોના પ્રકારો**-એકેંદ્રિ, બેઇંદ્રિ, તેઇંદ્રિ, ચોરિંદ્રિ, પંચેંદ્રિય.

**અનુત્તર વિમાન**-જયંત, વૈજયંત, અપરાજિત, વિજય, સર્વાર્થસિદ્ધ.

**અભિગમ રાજાઓ સંબંધે**-ખડ્ગ, છત્ર, ઉપાનહ, મુગટ, ચામર.

**શિલ્પકળાઓ**-કુંભાર, લુહાર, ચિત્રકાર, સુથાર, ગાંયજો (હજામ).

**મકાર**-મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા, મૈથુન.

**પિતા**-જન્મ આપનાર, ઉપનયન સંસ્કાર કરનાર, ભયમાંથી રક્ષણ કરનાર, સસરો ( કન્યાના બાપ ), અન્નદાતા.

**તિર્યંચ પંચેંદ્રિય**-જળચર, થળચર, ખેચર, ઉરપરી, ભુજપરી.

**પૌષધની મુખ્ય વસ્તુઓ**-મુહપત્તિ, ચરવળો, કટાસણું, સૂત્રનો કંદોરો, ધોતીયું.

લગનના પાંચ સાક્ષીઓ-દેવ, અગ્નિ, વેદપાઠી (બ્રાહ્મણ) સૂર્ય, પંચ.

કામદેવના બાણો-અરવિંદ, અશોક, ચૂત, નવમલ્લિકા, નીલોત્પલ,

વિનય-દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, ઔપચારિક.

હિંસા-સ્વરૂપ, અનુબંધ, દ્રવ્ય, ભાવ, યોગ (હિંસા).



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ સરસ, સરલ તેમજ અભ્યાસકને પસંદ પડે તેવી શૈલી હોવાથી થોડા જ સમયમાં તેની નકલો ખલાસ થઈ ગઈ. છેલ્લાં વીસેક વર્ષથી તો આ ગ્રંથ મળતો ન હતો અને મોંઘવારીને કારણે તે પ્રકારનું સાહસ પણ થઈ શકતું નહતું. આપણી સભાની સંમતિ લઈને શ્રી મહાવીર જૈન વિદ્યાલયે આ પ્રકાશન કર્યું છે અને ખર્ચ ઘણો વધારે થયા છતાં મૂલ્ય માત્ર સાડાસાત રૂપિયા જ રાખવામાં આવેલ છે.

શ્રીમદ્ આનંદઘનજીની કૃતિઓ માટે વિવેચન કરવું તે સુવર્ણ ઉપર ઓપ ચઢાવવા જેવું જ છે. આ પચાસે પદો પર સ્વ. શ્રી મોતીચંદભાઈએ એવી સરસ કલમથી આલેખન કરેલ છે કે એક વાર પુસ્તક હાથમાં લીધા પછી નીચે મૂકવાનું મન થાય નહિ. વિશેષમાં ઇચ્છીએ કે–સ્વ. મોતીચંદભાઈનું એકાવનથી એંસી આઠ પદ સુધીનું વિવેચન લખેલું પડ્યું છે તે પણ શ્રી મહાવીર જૈન વિદ્યાલય પ્રકાશિત કરી, તે અપ્રગટ સાહિત્યને જનતાના ચરણે ધરશે. આ પ્રકાશિત થયેલ અપૂર્વ ગ્રંથ અમારી સભામાંથી પણ મળી શકશે.

૩ શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી સુખડિયા પાઈફંડ વિદ્યાર્થીગૃહ વિશેષાંક–પ્રકાશક–શ્રી સવાઈલાલ અમૃતલાલ શેઠ, ભાવનગર. પૃષ્ઠ ૧૯૨, સચિત્ર.

"ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય" એ કહેવત, આ વિશેષાંકનું અવલોકન કરતાં, ચરિતાર્થ થાય છે. નાનું સરખું બીજ વખત વીતતાં વટવૃક્ષ બને છે તેવી રીતે "એક એક પાઈ"-નું ભંડોળ સમય જતાં કેટલો વિકાસ સાધી શકે છે તેનું આ વિશેષાંકમાં સુંદર રીતે દિગ્દર્શન કરાવ્યું છે. સુખડીયા જ્ઞાતિ કેળવણીમાં પછાત છે. તેને કેળવણીપ્રેમી બનાવવા ઉપરાંત જ્ઞાતિના બાળકોને સુંદર શિક્ષણ આપવા માટે ભાવનગરમાં "વિદ્યાર્થીગૃહ" શરૂ કરવામાં આવ્યું છે.

આ વિશેષાંકમાં પાઈફંડની ઉત્પત્તિથી એટલે કે સં. ૨૦૦૬ થી પ્રારંભીને સં. ૨૦૧૧ સુધીનો અહેવાલ, રિપોર્ટ, આવક–જાવકનો હિસાબ, વિદ્યાર્થીગૃહ–ઉદ્ઘાટન સમારંભની વિસ્તૃત કાર્યવાહી, થયેલા પ્રવચનો વિગેરેનો રસથાળ આકર્ષક રીતે પીરસવામાં આવ્યો છે. પ્રસંગે–પ્રસંગના સાઠેક જેટલા ચિત્રો આપીને વિશેષાંકની આકર્ષકતામાં વધારો કર્યો છે. શ્રી સવાઈલાલ અમૃતલાલ શેઠ, માનદમંત્રી તરીકે સારો આત્મભોગ આપી રહ્યા છે. તદુપરાંત કાર્યવાહીના સભ્યોની લાગણી પણ અભિનંદનને પાત્ર છે.

૪ શ્રી આર્હત ધર્મ પ્રકાશ (જૈનધર્મ) મરાઠી ભાષામાં અને ૫ અંતરનાં અજવાળાં–લેખક ને રચયિતા કવિકુલતિલક, શતાવધાની મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજ.

પૂજ્ય મહારાજશ્રીએ પોતાની કાવ્યચમત્કૃતિથી તેમ જ વિવિધ ગ્રંથરચનાથી આપણા સમાજમાં પ્રતિષ્ઠાભર્યું સ્થાન પ્રાપ્ત કરેલ છે. નાના નાના ટેકટો પ્રસિદ્ધ કરી જૈન ધર્મનો પ્રચાર કેમ થાય તેવી તેમની મનોભાવના સફલ થતી આવે છે. "આર્હત ધર્મ પ્રકાશ"ની પુસ્તિકાની ગુજરાતી, હિંદી, તામીલ, ઇંગ્લીશ, મરાઠી અને કાનડી એમ છ ભાષામાં લગભગ ચાલીશ હજાર નકલો છપાવી છૂટે હાથે પ્રચાર કર્યો છે. આ પુસ્તિકામાં "જૈન ધર્મ"ને લગતા મુખ્ય મુખ્ય સિદ્ધાંતોનું સંક્ષિપ્ત રીતે નિરૂપણ કરવામાં આવ્યું છે. પ્રયાસ પ્રશંસાપાત્ર છે.

"અંતરનાં અજવાળાં" નામનું પુસ્તક નૂતન–સજ્ઝાયોનો સંગ્રહ છે. પૂજ્ય મુનિરાજશ્રીની કેટલીક પ્રકટ અને અપ્રકટ સજ્ઝાયોનો આ પુસ્તિકામાં સમાવેશ કરવામાં આવ્યો છે. કાવ્યરચના સરલ અને સાદી હોવાથી સૌ કોઈને કંઠે કરી શકાય તેવી છે. પૂજ્ય મુનિરાજશ્રીનો પ્રયાસ આદરણીય છે.

૬. શ્રી નંદીશ્વરદ્વીપ–પૂજા–સાર્થ–પ્રકાશક શ્રી જૈન સાહિત્યવર્ધક સભા—અમદાવાદ. અર્થલેખક–પૂજ્ય પં. શ્રી રામવિજયજી ગણિવર્ય. શ્રી વૃદ્ધિ–નેમિ–અમૃત ગ્રંથમાળાના છત્રીસમા મણકા તરીકે પ્રસિદ્ધ થયેલ આ પુસ્તકમાં પંડિત શ્રી ધર્મચંદ્ર ગણિની રચેલી શ્રી નંદીશ્વરદ્વીપની પૂજાનો સુંદર અર્થ કરી, તેની રચના સંબંધી સારી સમજણ અર્થસંકલનકર્તા પં. શ્રી રામવિજયજી ગણિવર્યે આપી છે. નંદીશ્વરદ્વીપનું સ્વરૂપ સમજવા માટે આ પૂજા ઉપયોગી છે. પ્રયાસ પ્રશંસનીય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156


## માનવજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદરે ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે. એંશી પાનાના આ પુસ્તકનું

મૂલ્ય માત્ર ચાર આના

લખો :-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર.

## સ્વાધ્યાયરત્નાવલી

શ્રી ભરહેસરની સજ્ઝાયમાં આવતાં મહાન્ પુરુષોના જીવનને સંક્ષિપ્ત રીતે છતાં રોચક ભાષામાં વણી લેવી અને સાથોસાથ તે દરેક મહાપુરુષના જીવનને વર્ણવતી સજ્ઝાય યુક્ત આ ગ્રંથ અનોખી જ ભાત પાડે છે. અભ્યાસ તેમજ સામાયિકમાં વાંચન માટે આ ગ્રંથ ઉપયોગી છે. છતાં મૂલ્ય માત્ર રૂા. ૧-૪-૦ પોસ્ટેજ અલગ. લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

નવપદારાધન માટે અતિ ઉપયોગી

## સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)

નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણા, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર-પૂજનવિધાન વિગેરે વિગતો સાથે શ્રી સિદ્ધચક્રના નવે પદનું સંક્ષિપ્ત મુદ્દાસર સ્વરૂપ છતાં મૂલ્ય માત્ર આઠ આના. લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

જિનભક્તિ માટે અનેરો કાવ્યસંગ્રહ

## બાલેન્દુ કાવ્યકૌમુદી

આપણી સભાના સભાસદ બંધુઓને આ પુસ્તક ભેટ તરીકે આપવામાં આવેલ છે, પરન્તુ જેઓ સભાસદ નથી તેઓ આ પુસ્તકની માગણી કરતા હોવાથી માત્ર જૂજ નકલો વેચાણ માટે ફાજલ પાડવામાં આવી છે.

પાકું બાઈડીંગ, સફાઈદાર છાપકામ, ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૨૯૪

મૂલ્ય માત્ર રૂપિયા બે

લખો :-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


મુદ્રક : સાધના મુદ્રણાલય :: દાણાપીઠ-ભાવનગર

For Private And Personal Use Only